# સદ્‌ગુરુ


લેખન-સંકલનઃ

**પીયૂષ અરુણોદય જાની** (આર્કિટેક્ટ)


ગુરુપૂર્ણિમા નિમિત્તે પ.પૂ. આધ્યાત્મિકગુરુ તથા પિતાશ્રી
**સ્વ. પ્રો. ડો. અરુણોદય નટવરલાલ જાની** (વડોદરા)ની
પુણ્યસ્મૃતિમાં પરમગુરુ **શ્રીરંગઅવધૂતજી**ના ચરણકમળમાં આત્મીય વંદન સહ
પ. પૂ. **શ્રીપ્રેમઅવધૂતગુરુશ્રી**ને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ
સહ **જાની પરિવાર** તરફથી અર્પણ


**વિમોચન : તા. ૨૯-૭-૨૦૦૭ (ગુરુપૂર્ણિમા)**



**લેખન-સંકલન**

**પીયૂષ અરુણોદય જાની (આર્કિટેક્ટ)**

રહેઠાણ : ૪૧, સર્વોદયનગર વિભાગ-૩,
કે.કે.નગર પાસે, ઘાટલોડિયા,
અમદાવાદ-૩૮૦૦૬૧.
ફોનઃ (૦૭૯) ૬૪૫૦૭૬૩૦★ મોઃ ૯૨૨૭૪૦૩૪૧૫

ઓફિસ : ૩૦૭, આકાર કોમ્પ્લેક્સ, દર્પણ પાંચ રસ્તા,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪.



**મૂલ્ય : ગુરુતત્ત્વભક્તિ**

**પ્રકાશક**

**વૃષાંક પીયૂષભાઈ જાની** (માસ્ટર ઇન કોમ્પ્યુટર સાયન્સ)
યુનિટ-૯, ૮૮ આલ્બર્ટ રોડ, સ્ટ્રેથફિલ્ડ,
એનએસડબલ્યુ-૨૧૩૫, સીડની, ઓસ્ટ્રેલિયા
ફોનઃ ૬૧૨ ૯૭૪૬૭૯૬૭ મો. ૪૦૧૯૭૬૬૯૫

# સદ્ગુરુ

## દેહ, ગુરુ નથી - તત્ત્વ ગુરુ છે

ગુરુ એ હાડ, માંસ અને મજ્જાઓ ઉપર ત્વચારૂપી આવરણ ચઢાવેલો દેહ નથી. **ગુરુ તો દેહ માધ્યમે વ્યાપેલ આત્માના ગુણો ધરાવનારું નિર્ગુણી ગુરુતત્ત્વ છે.** જેમ દેહમાં વસી દેહથી અલિપ્ત આત્મા પ્રાણનામક સંજ્ઞા થકી દેહનું સંચાલન કરે છે તેવી જ રીતે એ જ આત્મા ગુરુતત્ત્વનામક સંજ્ઞા થકી ગુરુદેહે બ્રહ્મસ્વરૂપે ભક્તો અને શિષ્યોના કલ્યાણાર્થે અલિપ્ત રીતે કાર્ય કરે છે. માટે જ પ.પૂ. રંગઅવધૂત મહારાજ (શ્રી ગુરુલીલામૃતમાં) કહે છે, **'ગુરુ' શબ્દ જ ઉતમોત્તમ મંત્ર છે.**

*બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ,*
*ભવ બાધાહારક નકી, મંત્રોત્તમ 'ગુરુ' એહ.*

ગુરુના તત્ત્વસ્વરૂપની વાતને પુરાણોનું પણ પ્રમાણ છે, જે નીચે દર્શાવેલ કેટલાક શ્લોકમાં સ્પષ્ટ વર્ણવેલું છે.

*૧ ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।*
*મંત્રમૂલં ગુર્રોવાક્યં મોક્ષમૂલં ગુરોઃકૃપા ॥*

**અર્થાત્:** ધ્યાનનું મૂળ ગુરુની મૂર્તિ (સ્વરૂપ) છે. પૂજાનું મૂળ ગુરુના (આચરણયુક્ત) ચરણો છે. મંત્રનું મૂળ ગુરુ વાક્ય છે. (અને) મોક્ષનું મૂળ ગુરુકૃપા છે.



*૨ સ્થાવરં જંગમ ચૈવ તથા ચૈવ ચરાચરમ્ ।*
*વ્યાપ્તં યેન જગત્સર્વં તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥*

**અર્થાત્:** સ્થાવર અને જંગમ, ચર અને અચર (એવું) સમસ્ત જગત જે તત્ત્વથી વ્યાપ્ત છે એવા (એ) શ્રીગુરુને નમસ્કાર.

*૩ ન ગુરોરધિકં તત્ત્વં ન ગુરોરધિકં તપઃ ।*
*તત્ત્વં જ્ઞાનાત્પરં નાસ્તિ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥*

**અર્થાત્:** ગુરુથી અધિક (મોટું) કોઈ તત્ત્વ નથી. ગુરુથી અધિક (મોટું) કોઈ તપ નથી. (ગુરુતત્ત્વના) જ્ઞાનથી પર કોઈ તત્ત્વ નથી એવા (તત્ત્વરૂપ, તપરૂપ અને જ્ઞાનરૂપ) શ્રીગુરુને નમસ્કાર.

*૪ ગુરુરાદિરનાદિશ્ચ ગુરુઃ પરમદૈવતમ્ ।*
*ગુરોઃ પરતરં નાસ્તિ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥*

**અર્થાત્:** ગુરુ (તત્ત્વરૂપે) આદિ અને અનાદિ છે. ગુરુ જ (તત્ત્વરૂપે પરિણમતું) પરમ સદ્ભાગ્ય છે. ગુરુ (તત્ત્વ)થી પર કશું જ નથી, એવા શ્રીગુરુને નમસ્કાર.

*૫ નિત્યં શુધ્ધં નિરાભાસં નિરાકારં નિરંજનમ્ ।*
*નિત્યબોધં ચિદાનન્દં ગુરું બ્રહ્મ નમામ્યહમ્ ॥*

**અર્થાત્:** નિત્ય (સદાકાળ પ્રર્વતમાન), શુધ્ધ (સ્વરૂપ), આભાસરહિત, નિરાકાર, નિરંજન, નિત્યબોધસ્વરૂપ (સદા જ્ઞાનસ્વરૂપ), ચિદાનન્દસ્વરૂપ (આત્મિક આનંદ સ્વરૂપ) એવા બ્રહ્મસ્વરૂપ ગુરુને હું નમસ્કાર કરું છું.

પ.પૂ. શ્રી રંગઅવધૂત મહારાજે પણ બ્રહ્મસ્વરૂપ જ શ્રીગુરુને આલેખ્યા છે.

*નિર્ગુણ નિર્વિકાર તું, લીલા તારી અગમ્ય ।*
*કૃપાદષ્ટિ તારી થતાં, થાય મૂઢ પણ ધન્ય ॥*

આ ઉપરોક્ત પ્રમાણો થકી સ્પષ્ટ સાબિત થાય છે કે ગુરુના દેહને ઉપાસવાથી કશોય લાભ શિષ્ટ ખાટી જાય તેમ નથી. જો કેવળ ગુરુનો દેહ જ લાભપ્રદ હોત તો એકલવ્ય કેવળ ગુરુમૂર્તિસ્વરૂપ તત્ત્વના અભ્યાસ થકી અનુપમ બાણાવાળી ન બની શક્યો હોત. એણે દેહ વગરના ગુરુતત્ત્વને ઉપાસ્યું હતું.

પ.પૂ. શ્રીરંગઅવધૂત મહારાજે પણ તેમના ગુરુ પ.પૂ. શ્રીમદ્ વાસુદેવાનંદ સરસ્વતિના નાનપણમાં એક જ વાર દર્શન કરેલાં, ત્યાર બાદ કેવળ ગુરુતત્ત્વથકી થતાં સ્વપ્નાદેશથી જ અવધૂતની ઉત્તમ દશા પ્રાપ્ત કરેલ.

પ.પૂ. નારાયણસ્વામીના શિષ્ય પૂ. મસ્તાન મહારાજે પણ પૂર્વાશ્રમમાં શ્રીગુરુના દર્શન કરેલ. ત્યાર બાદ પૂર્ણકક્ષાએ પહોંચ્યા બાદ સદ્‌ગુરુના ચાણોદમાં દર્શન થયેલ. પૂ. મસ્તાન મહારાજ શ્રીગુરુને ઓળખી શક્યા ન હતા, પરંતુ સદ્‌ગુરુએ તેમને ઓળખી કાઢીને પૂર્વાશ્રમની વાત યાદ કરાવેલ. તેઓ પણ શ્રીગુરુના દેહ સિવાય ગુરુતત્ત્વથી જ સઘળું પામેલા.

આવા તો કંઈ કેટલાય દાખલાઓ જોવા મળશે. આ ઉપરથી એક વાત ચોક્કસ સાબિત થાય છે કે ગુરુદેહની આગળ-પાછળ (તત્ત્વભાવ વગર) ફર્યા કરવાથી કશો જ લાભ નથી. **ગુરુતત્ત્વનુ ચિંતન જ તારનાર એક માત્ર સાધન છે.**

પ.પૂ. શ્રીરંગઅવધૂત મહારાજ કહેતાં કે, મારી સાથે ૨૪ કલાક રહેનાર કદાચ કશું જ ન પામી શકે, પણ મારાથી જોજનો દૂર રહેલ મારો ભક્ત સઘળું પામી શકે.

આનો અર્થ ગુરુના દેહને અદેખો રાખવાનો નથી જ. જેમ મંદિરમાં સ્થાપેલ ભગવાનની મૂર્તિની આપણે ઉપાસના, દર્શન, અર્ચન વગેરે કરીએ છીએ અને સાથે સાથે જે મંદિરમાં તે બિરાજેલ છે તેને પણ પવિત્ર ગણીએ છીએ તેમ **ગુરુનો દેહ પણ પવિત્ર જ છે, અને એટલે જ તેમાં ગુરુતત્ત્વરૂપે ભગવાન ખુદ બિરાજે છે,** પરંતુ દેહ એ માધ્યમ છે તે કદાપિ ન ભૂલવું.

## *ગુરુતત્ત્વની સેવાઃ*

નવધાભક્તિમાંનો એક પ્રકાર સેવા છે, પરંતુ ગુરુની સેવા તેના દેહની જ સેવા કરવાથી સિધ્ધ થાય છે એવું આપણું વલણ ભૂલભરેલું છે. આ દેહની સેવા કેવળ નોકરભાવે અથવા કામનાની લાલચથી કરવાથી કાંઈ ના મળે. તેને માટે સાથે સાથે દાસ્ય કે સખાનો ભાવ પણ જરૂરી છે. વળી, આ દેહસેવા થકી સદ્‌ગુરુના અંતરને આનંદ થાય તેવી જ પ્રવૃત્તિઓ કરવાની અંતરસૂઝ શિષ્યમાં હોવી જોઈએ અને સૌથી અગત્યની વાત એ છે કે આ સેવા કરતા કરતા સમર્પણનો ભાવ જરૂરી છે. **મારી સેવા થકી સદ્‌ગુરુને આનંદ થાય છે એવો અહમ્ શિષ્યની બુધ્ધિમાં ઘૂસે એટલે તે સેવા અફળ જાય છે અને ઉર્ધ્વને બદલે શિષ્યની અધોગતિ થાય છે.**



કેવા ભાવે સેવા કરવી તે વિશે પ.પૂ. શ્રીરંગઅવધૂતજીએ (શ્રીગુરુલીલામૃત)માં આ પ્રમાણે કહ્યું છે.

***૧ માટે ગુરુ પાસે રહી, કરવી સેવા જાણ,***
***અનન્ય ભક્તિથી સદા, શીઘ્ર ફલદ એ માન.***

***૨ ગુરુ સેવા જે આદરે કરે, થાય તે પાર,***
***ક્યાંથી તેને દુઃખ? એ સદા સુખી નિર્ધાર.***

***૩ સદ્‌ગુરુ યોગ્ય અયોગ્ય વા કરે ન એમ વિચાર,***
***માની બ્રહ્મમય એહને, સેવે જન નિર્ધાર.***

***૪ હતભાગી પણ જો નકી, સેવે ગુરુચરણ,***
***થાય પૂજ્ય સહુ લોકમાં, પામે પરમાયતન.*** *(પરમઆયુવાળુ તન)*

***૫ ગુરુસેવા પદ્ધતિ લહે, તે જાણે સહુ વેદ,***
***મંત્ર, તંત્ર, કિંકર (દાસ) સહુ, ન રહે કાંઈ ખેદ.***

***૬ ઈશ્વર સમ ગુરુ માનીને શ્રદ્ધા રાખી અખંડ,***
***કરવી સેવા ખંતથી, સહી શીતોષ્ણ દંડ.***

***૭ શું પ્રયોજન અન્યથી? ગુરુ દેવાધિક દેવ,***
***સર્વ દેવ, તીર્થો સહુ, કરતા ગુરુપદ સેવ.***

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ગુરુની સેવા, **એ ગુરુતત્ત્વની અનન્ય ભાવે સમર્પિત થઈ કરેલી સેવા જ સાચી ગુરુસેવા છે.**

## *ગુરુતત્ત્વ ચમત્કારીક છે, દેહ નહીંઃ*

ગુરુના દેહમાં વ્યાપ્ત ગુરુતત્ત્વ જ શિષ્યને ચમત્કારીક ઉર્ધ્વ પ્રયાણ કરાવે છે. વિશ્વમાં એવો કોઈ જ દાખલો નથી કે કેવળ ગુરુના ચરણોને ધોઈ ધોઇને રોજેરોજ પીવા થકી કોઈ ભક્તનો (કેવળ ક્રિયા થકી) ઉધ્ધાર થયો હોય. જો તેમ જ હોત તો, જેમ ગંગાજળ શીશીઓમાં ભરી ભરીને વેચાય છે તેમ ગુરુચરણામૃત પણ ભક્તના ઉધ્ધારાર્થે વેચાતું હોત.

જેમ આપણો દેહ છે તેવો જ દેહધર્મવાળો દેહ સદ્‌ગુરુનો છે. દેહ તો ઉપાસનાનું એક સાધન છે. દેહ તો જડ છે. તે દેહના સાધન થકી પોતાનો જ ઉધ્ધાર થઈ શકે, અન્યનો કેવી રીતે થાય? એટલે ગુરુના દેહમાં વ્યાપ્ત **ગુરુતત્ત્વનું જ સેવન સાચું અને શ્રેષ્ઠ છે અને તે જ ભક્તોધ્ધારક છે.**

## *ગુરુચરણ એટલે ગુરુનું આચરણયુક્ત પ્રયાણઃ*

ગુરુના ચરણોને આપણે કેવળ ક્રિયાઓ થકી સ્થૂળ રીતે જ પૂંજીએ છીએ, પણ ગુરુચરણનો સાચો અર્થ તો ગુરુએ આધ્યાત્મિકમાર્ગે જે રીતે ડગલાં ભર્યા, એ ઉપાસન માર્ગને પૂજવાનો છે. એણે જે આચરણ કર્યું છે તે આચરણને અનન્ય ભાવે શરણ થવાનું છે. **તેનું સદ્‌આચરણ જ તેના ચરણો છે.** પ.પૂ. શ્રીરંગઅવધૂતજી (શ્રીગુરુલીલામૃતમાં) ગુરુચરણનો મહિમા આ રીતે ગાય છે.

**૧ *ગુરુચરણે તીર્થો સહુ, ગુરુવિણ દેવ ન આન,***
***"ચરણં પવિત્રં " શ્રુતિ કહે, આ પ્રત્યક્ષ પ્રમાણ.***

**૨ *જ્ઞાન, ધર્મ, યશ, સંપદા, સર્વે ગુરુપદ માંહ્ય,***
***એવા નિશ્ચયથી ભજો, એ ગુરુચરણ સદાય.***

એટલે ગુરુચરણનો અર્થ ગુરુએ આચરેલ ધર્મ એમ સ્પષ્ટ થાય છે, જે નીચેના શ્લોકો પરથી વધુ સ્પષ્ટ થાય છે.

***ગુરુદર્શિતમાર્ગેણ, મનઃશુધ્ધિં તુ કારયેત્ ।***
***અનિત્યં ખણ્ડયેત્સર્વં યત્કિંચિદાત્મગોચરમ ॥***

અર્થાત્‌ઃ ગુરુએ દર્શાવેલા માર્ગથી મનની શુધ્ધિ કરાવી (તથા) (અનાત્મ) ઇન્દ્રિયોની અનુભૂતિથી જે કાંઈ (વિષયો) ક્ષણભંગુર છે એનો ત્યાગ કરવો.

ગુરુનું આચરણકાર્ય અતિગહન અને અતિ વિશાળ છે. એણે આચરેલ માર્ગની યાત્રા ઘણી લાંબી અને ઘણી જ દુર્લભ છે. પરંતુ **તેણે આચરેલ માર્ગે પડેલા તેના ચરણની ધૂળના એક રજકણ સમું પણ આચરણ શિષ્ય માટે ભવસાગર તારનાર સેતુ થઈ જાય છે.** નીચેનો શ્લોક તે વાતની પુષ્ટિ કરે છે :



***યત્પાદરેણુકણિકા કાપિ સંસારવારિધેઃ ।***
***સેતુ બંધાયતે નાથં દેશિકં તમુપાસ્મહે ॥***

અર્થાત્‌ઃ જેમની ચરણરજનો એક નાનો અમથો કણ ગમે તેવા સંસાર સાગરને તરી જવાનો સેતુ બની જાય છે, એવા શ્રીગુરુની ઉપાસના કરીએ (છીએ).

ગોસ્વામી શ્રીતુલસીદાસજીએ પણ હનુમાનચાલીસા પૂર્વના શ્લોકમાં,

***શ્રીગુરુચરણસરોજરજ નિજ મનુ મુકુરુ સુધારી,***
***બરનઉં રઘુબર બિમલ જશુ, જો દાયક ફલ ચારિ.***

એમ કહીને પણ એ જ સ્પષ્ટ કર્યું છે કે શ્રીગુરુના કમળરૂપી ચરણમાંની કેવળ એક જ રજ (કમળની અંદર ફલીકરણ માટે કાંટા જેવા દેખાતા ભાગમાં મોટી સંખ્યામાં પૂંરજ હોય છે તેમાંની એક જ રજ.) થકી નિજ એટલે પોતાનું મનરૂપી દર્પણ સુધારી (એટલે કે મળરહિત ચોકખું કરી) શ્રીરઘુવરના વિમલજશનું વર્ણન કરું છું જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર ફળોનું પ્રદાન કરવાવાળું છે.

પ.પૂ.શ્રીરંગઅવધૂતજી પણ (શ્રીગુરુલીલામૃતમાં) ચાર પુરુષાર્થોના દાતા તરીકે સદ્‌ગુરુને આ રીતે વર્ણવે છેઃ

***ચારે પુરુષાર્થો તણો, દાતા સદ્‌ગુરુ જાણ,***
***સર્વશાસ્ત્ર સિધ્ધાંત એ, અદ્ય અનુભવ્યો માન.***

ગુરુના ચરણને કમળ સાથે સરખાવ્યા છે કારણ કે દેહની જે મનોવૃત્તિઓ છે તે આધ્યાત્મિક માર્ગમાં આગળ વધતાં ડગલાં માટે કાદવ સમાન છે, તેમાં ખૂંપી જવાનો મોટો ભય છે. પરંતુ ગુરુએ મનોવૃત્તિઓનો નિરોધ કરેલ હોઈ તેના આધ્યાત્મિક માર્ગમાં આ કાદવ, જેમ કમળ કાદવમાં રહી કાદવથી અલિપ્ત રહે છે તેમ, તેને સ્પર્શ સુધ્ધા કરી શકતો નથી, અને એટલે જ ગુરુના ચરણને કમળની ઉપમા આપેલ છે. વૃત્તિનિરોધ થકી ગુરુ વિષયોથી પર થયેલ છે એટલે વિષયો તેને સ્પર્શી શકતા નથી. તેવી જ રીતે આધ્યાત્મિક માર્ગે આપોઆપ આવતી જાતજાતની સિધ્ધિઓ પણ, તેની તટસ્થભાવે પરમાત્મપ્રાપ્તિના એક જ લક્ષ્યવાળી સિધ્ધિને લીધે સ્પર્શતી નથી, જે નીચેના શ્લોકથી સ્પષ્ટ થાય છે.

*વન્દેડહં સચ્ચિદાનંદં ભેદાતીતં સદા ગુરુમ્ ।*
*નિત્યં પૂર્ણં નિરાકારં નિર્ગુણં સ્વાત્મસંસ્થિતમ્ ॥*

અર્થાત્ઃ સત્-ચિત્ - આનંદસ્વરૂપ, તમામ ભેદોથી પર, નિત્ય, પૂર્ણ (સ્વરૂપ), આકારથી પર અને ત્રણે (રજસ્, સત્ત્વ અને તમસ્) ગુણોથી પર તેમ જ પોતાના આત્મામાં (આત્મભાવે) સુસ્થિર એવા સદા આ ભાવમાં વર્તતા શ્રીગુરુ છે. (તેઓને વંદન કરું છું.)

**આવા પરબ્રહ્મસ્વરૂપ ગુરુદેવે જે પંથે ચરણ માંડ્યા એ પંથે ભાવથી ભજીને શિષ્યે શરૂ કરેલું પ્રયાણ જ સાચું ગુરુચરણપૂજન છે.** જેમ ભમરો કમળની પાંખડીઓની વચ્ચે કમળનું રસપાન કરતાં કરતાં કમળ બીડાઈ જાય અને તેના મૃત્યુનું કારણ થાય ત્યાં સુધી રસમગ્ન થઈ રસપાન કરે છે, તેવી જ ભાવના શ્રીગુરુચરણકમળમાં રાખી ગુરુતત્ત્વનું રસપાન કરનાર ભ્રમરરૂપીભક્ત ગુરુસ્વરૂપ પામે છે. પ.પૂ. શ્રીરંગઅવધૂતજી પણ (શ્રીગુરુલીલામૃતમાં) આ પ્રમાણે કહે છેઃ

***ધન્ય ધન્ય ગુરુચરણ આ, યચ્છરણે ક્ષણ માંહ્ય,***
***નાઠું તમ (અંધારુ) જન્મો તણું, રહે શોક ક્યાં ત્યાંય.***

## પાદુકા એટલે ગુરુનું શક્તિરૂપઃ

માનવદેહમાં સત્ત્વગુણી વૃત્તિઓ થકી વિશિષ્ટ પ્રકારની શક્તિ પેદા થાય છે. આ શક્તિસ્રોત જેમ દેહમાં વહે છે તેમ હાથ-પગની આંગળીઓ દ્વારા દેહની બહાર પણ વહ્યે જાય છે. પગના અંગૂઠામાંથી વિશેષ પ્રમાણમાં સ્રવે છે. લાકડું અવાહક હોઈ લાકડાની પાદુકામાં આ શક્તિ સંઘરાઈને રહે છે અને જમીનમાં ઉતરી જતી નથી. **કાષ્ઠની આ પાદુકાઓ અનંતકાળ સુધી ગુરુની શક્તિને સંગ્રહી રાખે છે અને એટલે જ ગુરુની શક્તિનું આ સાકાર સ્વરૂપ ગુરુમૂર્તિરૂપે પૂજાય છે.** શ્રીગુરુ એ શક્તિતત્ત્વરૂપી સૂક્ષ્મદેહે સદા સર્વદા વિહરતો રહે છે; અને તેથી જ **શ્રધ્ધાવાન તેને સ્થૂળરૂપે તે પાદુકાઓ ઉપર ઉભેલો અનુભવે છે.** પ.પૂ. રંગઅવધૂતશ્રીએ 'વંદના'માં ગાયું છે કે,

***કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દિસે,***
***પ્રવૃત્તિ-નિવૃત્તિ પદો એ ભુક્તિમુક્તિમય લસે.***

કાષ્ઠ એટલે લાકડાની વૃત્તિ કોઈ પણ પ્રકારના હલનચલન રહિત અને કશુંય પણ પોતે ધારણ ના કરી શકે તેવા પ્રકારની છે એટલે જે કાષ્ઠની જેવી નિષ્ક્રિય વૃત્તિઓ રૂપી પાવડી છે



તેના ઉપર હે ગુરો! તું સ્થૂળરૂપે ઉભેલો દેખાય છે. **બે પાવડીમાંની એક એ સંસારને માટે શ્રીગુરુએ જાતે અક્રિય રહી ફલરહિત કરેલી પ્રવૃત્તિરૂપી છે, જ્યારે બીજી સર્વપ્રકારની વૃત્તિઓના નિરોધ પછી નિવૃત્તિ પામેલ સ્થિતિરૂપી છે.** હે ગુરો! તારા એ બંને પદમાંનું એક ભુક્તિ એટલે ભોગ છે અને બીજું મુક્તિ એટલે મોક્ષપદસ્વરૂપ છે (ભુક્તિ અને મુક્તિ બન્નેના દાતા છે) તેના પ્રતીકરૂપી આ પાદુકાઓ એ અર્થે જ પૂર્વકાળથી પૂજાતી આવી છે. એનો મહિમા પ.પૂ. શ્રીરંગઅવધૂતજી આ પ્રમાણે ગાય છેઃ

***સકળતીર્થ ગુરુપાદમાં, કહે સકળ શ્રુતિ એહ,***
***શાસ્ત્ર સકળ પણ ઓચરે, એ જ નિઃસંદેહ.***

આ ગુરુપાદુકામાં શ્રીગુરુની આધ્યાત્મિક શક્તિ સૂક્ષ્મસ્વરૂપે સંચરિત થઈ અનંતકાળ સુધી હાજરા-હજૂર રહી શ્રીગુરુસ્વરૂપે સદા-સર્વદા ભક્તોના કલ્યાણાર્થે કાર્યરત પરિણમતી હોઈ તે સદ્‌ગુરુના સ્વરૂપે જ પૂજાય છે.

## ગુરુ આપણે કરવાનો હોતો જ નથીઃ

હાલના યુગમાં ગુરુ કરવાની એક અનોખી ફેશન થઈ પડી છે. ગુરુને ખબર પણ ન હોય અને તેમના ભક્તો ફૂટી નીકળે કે ફલાણા મારા ગુરુમહારાજ છે. હકીકતમાં કંઈ કેટલાય જન્મોના પુણ્યો થકી ઋણાનુબંધે સદ્‌ગુરુની પ્રાપ્તિ થતી હોય છે અને તેમાં પણ શિષ્ય ગુરુની પસંદગી કદાપિ કરી શકતો નથી. લાખ્ખો અનુયાયીઓમાંથી સદ્‌ગુરુ પોતે પોતાના કાર્યમાં યોગ્ય લાગે તેવો ભક્ત શોધી કાઢે છે. આમાં ઘણીવાર ભક્તને ગુરુ પ્રત્યે શરૂઆતમાં કોઈ પણ જાતનો અનુરાગ કે ભક્તિભાવ ના પણ હોય તો પણ ત્રિકાળજ્ઞાની ગુરુ તે ભવિષ્યનો ઉત્તમ ભક્ત છે તેમ જાણીને તેને પોતા તરફ ખેંચે છે. સ્વામી વિવેકાનંદનો દાખલો જોઈએ તો, નાનો નરેન્દ્ર (વિવેકાનંદજીનું પૂર્વાશ્રમનું નામ) એમને ઘેર કલકત્તાથી આવેલ કાકાને માતાની આજ્ઞાથી શ્રીરામકૃષ્ણ પરમહંસના મઠમાં સાંજે દર્શન અને સત્સંગ માટે લઈ જતો. સત્સંગ દરમ્યાન મઠની બહાર બેસી રહેતો. કારણ તેમને શ્રીરામકૃષ્ણના દર્શનની સહેજે ય અભિલાષા અને શ્રધ્ધા ન હતી. સત્સંગ પત્યા બાદ કાકાને લઈ ઘરે પાછો ફરતો. કલકત્તા પાછા ફરવાના અંતિમ દિને કાકા છેલ્લો સત્સંગ માણી બહાર નીકળ્યા ત્યારે પરમહંસે નરેન્દ્રને મઠમાં તેમના ઓરડામાં બોલાવ્યો. આંખ મીંચીને બેસી રહેવા કહી શ્રીરામકૃષ્ણે નરેન્દ્રના માથા ઉપર હાથ મૂકીને શક્તિ-પાત કર્યો. વિધિ પૂરી થયા બાદ નરેન્દ્ર કાકા સાથે ઘેર પાછો ફર્યો અને પાછળથી શ્રીરામકૃષ્ણના દસ મુખ્ય શિષ્યોમાં

અવ્વલ સ્થાન પ્રાપ્ત કરી શ્રીરામકૃષ્ણ મિશનનો દેશ-વિદેશે પ્રસાર-પ્રચાર કર્યો. શ્રીરામકૃષ્ણ જાણી ગયા હતાં કે આ હાલનો અભાવી નરેન્દ્ર એ ભવિષ્યનો સ્વામી વિવેકાનંદ છે, પણ નરેન્દ્રને તે વખતે તે વાતની જરાય ગંધ ન હતી.

સ્વયં શ્રીરામકૃષ્ણ પરમહંસે પણ તેમના દીક્ષાગુરુ શ્રીતોતાપુરી બાબાને ઓળખ્યા ન હતા. તેમને સાથે લઈ જવાનું ગુરુએ સૂચન કરતાં શ્રીકાલીમાતાની આજ્ઞા લઈ તેઓની સાથે એક વેરાન ઓરડીમાં ગયાં અને શક્તિપાતની દીક્ષા થકી ત્રણ દિવસ લાગલગાટ સમાધિ સ્થિતિમાં રહ્યાં. ઘણાં સમય બાદ શ્રીરામકૃષ્ણને પોતાના આ દીક્ષાગુરુ શ્રીયુત્ તોતાપુરી બાબા હતાં તેની જાણ થઈ હતી.

પૂ. શ્રી મોટાના દીક્ષાગુરુ પ.પૂ. બાળયોગીજી પણ પૂ. મોટાની આધ્યાત્મિક ઉન્નતિ માટે સ્વયં નડિયાદ પધારેલા. પૂ.મોટાએ તેમની સેવા કરી પણ તેઓનું નામ સુધ્ધાં જાણતા ન હતા. સમગ્ર રોકાણ દરમ્યાન બાળયોગીજી કશુંય બોલ્યા નહીં. પરત ફરતાં અમુક જગ્યાએ મળવાનું સૂચન કરી વિદાય થયાં. પાછળથી પૂ. મોટાને દીક્ષા આપી ઉર્ધ્વપ્રયાણ કરાવ્યાં.

આવા તો ઢગલાબંધ દષ્ટાંતો છે, જ્યારે આજકાલ તો શિષ્યો ગુરુની પાછળ પડી જાય છે. શ્રીમંતોમાં, વિદ્વાનોમાં, અધ્યાપકો અને પ્રાધ્યાપકોમાં તો જાણે શાસ્ત્રોના જાણકાર કે બ્હોળો અનુયાયી સમુદાય ધરાવનાર ગુરુની પાછળ પડવાનો અને તેમના શિષ્ય કહેવડાવવાનો એક ગાંડો શોખ જોવા મળે છે. **જે ગુરુ દ્વારા તેમની લોકચાહના, નામચાહના અને ભૌતિકચાહના પૂર્ણ થતી હોય ત્યાં આવા શિષ્યોનો રાફડો ફૂટે છે અને તેને લીધે આવા શિષ્યો માટે શાસ્ત્રોની જાણકારી ધરાવનાર પણ સાધુવાદી નહીં તેવા તકસાધુગુરુઓનો પણ રાફડો ફાટ્યો છે.** આવી મનોવૃત્તિવાળા શિષ્યો અને તકસાધુગુરુઓ થકી કોઈ પણ પ્રકારની ઉર્ધ્વગતિ પ્રાપ્ત થતી નથી, પરંતુ લોકચાહનાની, નામ ચાહનાની અને ભૌતિક ચાહનાની અધઃવૃત્તિ અવશ્ય સંતોષાય છે.

**જે આપણા અંતરમાં ઉતરી આપણા અંતરસહ આપણને તેના અંતર સુધી ખેંચીને લઈ જાય અને આધ્યાત્મિક સોપાન સર કરાવે તે જ ગુરુ છે.**

## *શિષ્ય કોણ કહેવાય?:*

જેને શિષ્ય થવાની અંતરચાહના હોય તેણે પ્રથમ તો **સદ્ગુરુને નરદેહી તરીકે ન જોતાં પરબ્રહ્મસ્વરૂપ તરીકે જોવાની દૃષ્ટિ કેળવવી પડે.** સદ્ગુરુમાં સંપૂર્ણ શ્રધ્ધા હોવી જોઇએ. સદ્ગુરુના આચરણમાં પૂરેપૂરો ભરોસો હોવો જોઇએ. સદ્ગુરુના શ્રીમુખેથી સરી પડેલા



શબ્દો વેદ-વાક્યો છે તેવી દૃઢ મતિ હોવી જોઇએ. સદ્ગુરુ શું કરે છે તેમાં નહીં પણ શું કહે છે અને શું આદેશ આપે છે તેના અમલની તત્પરતા હોવી જોઇએ. સદ્ગુરુના વાણી અને વર્તનમાં વિરોધાભાસ કે અજુગતાપણું લાગે તો તે કોઈ ચોક્કસ શ્રેયકારણરૂપ છે એવી દૃઢ સમજ હોવી જોઇએ, તેમ જ એવા વાણી અને વર્તન પ્રત્યે શંકા-કુશંકાઓ સેવવી ના જોઇએ. સદ્ગુરુને કેવો વ્યવહાર પ્રિય છે એ તરફ સતત જાગ્રતતા હોવી જોઇએ અને એવો વ્યવહાર અમલમાં મૂકી સદ્ગુરુનો ભાવ પોતાના તરફ સતત વધારતા રહેવો જોઇએ. સદ્ગુરુને શું શું ગમે છે અને શું શું નથી ગમતું એનું સજાગપણે ધ્યાન રાખવું જોઈએ અને આપણને ન ગમતું હોય પણ સદ્ગુરુને ગમતું હોય તેવું જ કાર્ય તેમને અર્પણ કરીને કર્યા કરવા તત્પર રહેવું જોઇએ. ગુરુની આજ્ઞા સદા-સર્વદા શિરે ધરવાની ઉત્કંઠતા હોવી જોઇએ. તમારો ભાવ, તમારી ભક્તિ, તમારું સ્મરણ, તમારું શરણ, તમારી શક્તિ, તમારી બુધ્ધિ અને તમારી ગતિ સદા-સર્વદા ગુરુભાવે જ સ્થિર હોવી જોઇએ. અતિ તીવ્રભાવે સર્વ સમર્પણનો કાયમી ભાવ સદા દિલમાં ઉજાગર રાખવો જોઇએ. જે કાંઈ ક્રિયા કરીએ એ સર્વ સદ્ગુરુને પ્રિય હોય તેવી જ કરવી જોઇએ. **સદ્ગુરુથી મોટો કોઈ દેવ વિશ્વમાં છે જ નહીં** એવી અડગ શ્રધ્ધા સાથે તેમનું ભજન, અર્ચન, સ્તુતિ, ધ્યાન વગેરે કરવું જોઇએ. આવા નિષ્ઠાવાળા ભાવ થકી શિષ્યનું એક અનોખું સ્થાન સદ્ગુરુ હૃદયે કાયમ માટે સ્થિર થઈ જાય છે અને સદ્ગુરુ સામેથી તે શિષ્યને પોતાનો બનાવી તેની ઉર્ધ્વગતિ માટે ગુરુશક્તિ પ્રદાન કરી અંતે તેને પોતાના સ્વરૂપનું દાન કરે છે. (શ્રીગુરુલીલામૃતમાંથી સાર ગ્રહણ કરેલ છે.)

## *સદ્ગુરુ દત્ત (દાતા) સ્વરૂપ છે?:*

સદ્ગુરુને સર્વસ્વ અર્પી બેઠેલા શિષ્યનું 'યોગક્ષેમ' સદ્ગુરુની સંપૂર્ણ જવાબદારી થઈ જાય છે અને શિષ્ય સ્વયં નચિંત થઈ જાય છે. સદ્ગુરુ પ્રેમથી તે શિષ્યને જ્ઞાન સહિત સર્વસ્વ પ્રાપ્ત કરાવે છે. સદ્ગુરુની પણ સદ્શિષ્યની ખોજ પૂરી થાય છે અને શિષ્ય માટે બધું જ કરી છૂટવાની તમન્ના સહ શિષ્યને ધન્ય કરી દે છે. હવે શિષ્યે કાંઈ કરવાનું રહેતું નથી તે નિર્ભયપણે સદ્ગુરુની છત્રછાયામાં વિહરતો રહે છે. **ગુરુની અનન્યકૃપાપાત્ર શિષ્ય પ્રથમ તો ત્રણેય લોકમાં દુર્લભ એવું 'ગુરુકૃપારૂપીફળ' પ્રાપ્ત કરે છે.** તેની કૃપા થકી ચિંતા, દુઃખ વગેરે મટી જઈ સુખેથી ભવસાગર પાર કરવાનું ઓસડ મળે છે. જેમ સૂર્યોદય થતાં અંધકાર મટી જાય તેમ તેનાં સર્વદૈન્ય મટી જાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિ સઘળી ટળી જાય છે. સર્વશાસ્ત્રોના ભેદ તેના માટે છતાં થાય છે અને અષ્ટસિદ્ધિઓ પ્રાપ્ત

થાય છે. શિષ્ય મૂઢ (ગમાર) હોય તો પણ તે બુધ્ધિવાન પંડિત થાય છે. તેનાં નેણ અને વેણ બદલાઇને અમૃત સમાન થઈ જાય છે. તેના જન્મ-મરણના ફેરા નાશ પામી અંતે દુર્લભ મોક્ષપદ પામે છે. **સદ્‌ગુરુરૂપી પારસમણિનો સ્પર્શ થતાં શિષ્ય શિષ્ય મટી જઈ. સ્વયં સદ્‌ગુરુરૂપ થઈ જાય છે.**

કેવળ ગણ્યા-ગાંઠ્યા શિષ્યો જ ઋણાનુબંધે સદ્‌શિષ્ય થવાના ભાગી હોય છે, પરંતુ જેઓનું કાંઇક ઓછું ઋણાનુબંધ હોય તેઓ પણ સદ્‌ગુરુની નાની-મોટી કૃપાઓના પાત્ર હોય છે જ. સદ્‌ગુરુ ખૂબ જ દયાળુ અને ભક્તપ્રિય છે. તેના શિષ્યો કે ભક્તોના દુ:ખ તે જોઈ શકતો નથી અને તેથી તે પોતાની કૃપા સર્વપ્રકારના પ્રાણીઓ પર વરસાવે છે. **વિધિના લેખ પર મેખ મારવાની શક્તિ તેનામાં હોય છે, પરંતુ તે ના છૂટકે જ તેમાં હસ્તક્ષેપ કરે છે.** વિધિ-વિધાન પ્રમાણે જે જે ભક્તોને જે જે તમન્ના હોય તે સદ્‌ગુરુ પ્રેમથી (થોડી કસોટીને અંતે) પૂર્ણ કરે છે. શ્રીમંતોના નાણાં વિશ્વકલ્યાણમાં વપરાતા હોય તો તેવા શ્રીમંતોને લક્ષ્મીકૃપા કરાવી આનંદે છે. શેરમાટીની ખોટથી સાલતાં પરિવારની શેરમાટીની ખોટ પૂરી કરે છે. અસાધ્ય રોગમાંથી મુક્તિ અપાવે છે. કેટલાકના મોત પણ પાછાં ઠેલે છે. નામદિવાનાઓને નામ, ચામદિવાનાઓને ચામ અને દામદિવાનાઓને દામ પ્રદાન કરે છે. મા સરસ્વતીની ઉપાસના થકી ગુરુ તેમજ ઇશ્વરની સ્તુતિરૂપે રચનાઓ રચતાં લેખકો અને કવિઓને વિશિષ્ટ જ્ઞાન પ્રેરી અગમ્ય સ્ફુરણો થકી અદ્‌ભુત રચનાઓ કરાવે છે. સંસારનો વ્યવહાર સાચવનારા સંસારી ભક્તોની સંસારી જરૂરીયાતો પણ પ્રેમથી પૂરી પાડે છે. ટૂંકમાં, **'એ'ને શરણે ગયેલો સદ્‌ગુરુભાવી નાનો કે મોટો ભક્ત એના દત્તત્વ થકી (દાતાપણા થકી) અવશ્ય કંઇકને કંઇક ફળ પ્રાપ્ત કરે જ છે.**

**સમસ્ત વિશ્વના ઉત્પત્તિકારક, પાલનહાર અને સંહારક એવા ત્રિમૂર્તિ સ્વરૂપ અવતારી ભગવાનદત્ત સ્વયં પરબ્રહ્મ છે અને એ પરબ્રહ્મ જ ગુરુતત્ત્વરૂપે મનુષ્ય દેહ ધારણ કરી સમસ્ત વિશ્વના કલ્યાણનું કાર્ય કરે છે.** પરમાત્માની ઓળખ કરાવવાનું કામ પરમાત્મા નથી કરતો પણ સદ્‌ગુરુ જ કરે છે. દેવોના ઉધ્ધાર પણ સદ્‌ગુરુ થકી જ થયેલાં છે અને એટલે જ **દેવરૂપી અવતાર પામેલ પરમાત્મસ્વરૂપને બીજા અને શ્રીગુરુરૂપે અવતાર પામેલ પરમાત્મસ્વરૂપને પ્રથમ પ્રણામ થાય છે.**

**ભગવાન ગોવિન્દને જોયા વગર ગોવિન્દને નમસ્કાર કેવી રીતે થઈ શકે? આ ગોવિન્દને બતાવનાર સદ્‌ગુરુ પ્રણામનો પહેલો હકદાર છે. પહેલાં સદ્‌ગુરુ મળ્યા અને**



**ત્યાર બાદ ગોવિંદ મળ્યા. સદ્‌ગુરુ ના હોત તો ગોવિન્દનો પણ પત્તો ક્યાં પડવાનો હતો?**

***યસ્ય સ્મરણમાત્રેણ જ્ઞાનમુત્પદ્યતે સ્વયમ્ ।***
***ય એવ સર્વસંપ્રાપ્તિસ્તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥***

અર્થાત્: જેમના સ્મરણમાત્રથી આપોઆપ જ્ઞાન ઉત્પન્ન થાય છે, જેઓ સ્વયં સર્વ પ્રાપ્તિરૂપ (મેળવવા યોગ્ય સર્વસ્વ) છે એવા શ્રીગુરુને નમસ્કાર.

***શ્રીમત્પર બ્રહ્મ ગુરું સ્મરામિ ।*** **(શ્રીમત્ પરબ્રહ્મગુરુનું સ્મરણ કરું છું)**
***શ્રીમત્મપરબ્રહ્મ ગુરું વદામિ ।*** **(શ્રીમત્ પરબ્રહ્મગુરુનામ જપું છું)**
***શ્રીમત્પરબ્રહ્મ ગુરું નમામિ ।*** **(શ્રીમત્ પરબ્રહ્મગુરુને નમન કરું છું)**
***શ્રીમત્પરબ્રહ્મ ગુરું ભજામિ ॥*** **(શ્રીમત્ પરબ્રહ્મગુરુને ભજું છું)**

# ગુરુપ્રણતિ - શ્લોકના ગૂઢાર્થ

૧ *ગુરુર્ બ્રહ્મા, ગુરુર્ વિષ્ણુ: ગુરુર્ દેવો મહેશ્વરઃ ।*
*ગુરુર્ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥*

**સામાન્ય અર્થઃ** ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ જ વિષ્ણુ છે, ગુરુ જ દેવ મહેશ્વર (શિવ) છે, ગુરુ જ સાક્ષાત્ પરબ્રહ્મ જ છે એવા શ્રીગુરુને નમસ્કાર (કરું છું).

**ગૂઢાર્થઃ**

### *ગુરુ જ બ્રહ્મા છેઃ*

જ્યારે ગર્ભાવસ્થાએ જીવ ઉંધે માથે નરકવાસ ભોગવતો હોય છે ત્યારે તે પરમાત્માને પ્રાર્થના કરે છે કે, હે પ્રભુ! હું કદાપિ તારું વિસ્મરણ કરીશ નહીં. હું સદા તારા જ સ્મરણમાં લીન રહીશ. હું મારા પાછળના જન્મોના કર્મોના ભોગે આ નરકવાસ સહન કરું છું. મારી પ્રાર્થનાના પ્રાયશ્ચિતરૂપે તું મને આ દશામાંથી મુક્ત કર. પરંતુ ગર્ભ જેવો યોનિ દ્વારા ભૌતિક જગતમાં જન્મ લે છે કે તરત જ જગતની હવાના સ્પર્શે પ્રભુસ્મરણ કરવાનું આપેલું વચન ભૂલી જઈ માયારૂપી અજ્ઞાનમાં ભટકાઈ પડે છે. **સદ્‌ગુરુ સર્વ વિદ્યા અને જ્ઞાનના ઉદ્‌ભવ કરનાર હોઈ આવા જીવમાં આત્મસ્વરૂપના જ્ઞાનનો અને આત્મલક્ષી ભક્તિનો ઉદ્‌ભવ કરે છે.** તેની નષ્ટ થયેલ પરમાત્મસ્મૃતિને ફરી તેની બુધ્ધિમાં ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે જ્ઞાનના અને ભક્તિના ઉત્પત્તિકારણ હોવાથી શ્રીગુરુ ઉત્પત્તિકારક બ્રહ્માસ્વરૂપ દર્શાવ્યા છે.

### *ગુરુ જ વિષ્ણુ છેઃ*

શ્રીગુરુને શરણે જતાં, જીવને જ્ઞાન અને ભક્તિની પ્રાપ્તિ થાય છે. ગુરુશરણી જીવના યોગક્ષેમની જવાબદારી હવે શ્રીગુરુ જાતે જ માથે ઉપાડે છે તેના જીવથી શિવના પ્રયાણવાળી યાત્રામાં આવતાં વિઘ્નોનો શ્રીગુરુ અગાઉથી નિર્દેશ કરે છે અને તેની સામે સફળ થવાની વિધિઓથી અવગત કરાવી તેને સાચવે છે. તેના આધ્યાત્મિક મૂલ્યોનું લાલન-પાલન કરે છે. શ્રીગુરુને શરણે ગયેલ જીવ તેની કૃપા થકી નચિંત થઈ ઉર્ધ્વમાર્ગના પ્રયાણે નિર્ભયતાથી આગળ વધે છે. આ પ્રમાણે શરણે થયેલ જીવના યોગક્ષેમ અને આધ્યાત્મિક મૂલ્યોના પાલનકર્તા શ્રીગુરુ પાલનહાર વિષ્ણુસ્વરૂપ દર્શાવાયા છે.



### *ગુરુ જ દેવ મહેશ્વરઃ*

શ્રીગુરુ પોતાના આત્મજ્ઞાન થકી શરણાગત જીવના અનેક જન્મોના એકત્રિત તમામ કર્મોનો નાશ કરે છે. પોતાના વાક્યોપદેશથી જીવના સંસારમોહનો નાશ કરે છે, સંસારરૂપી વ્યાધિનો નાશ કરે છે, સુખ-દુઃખ, શીત-ઉષ્ણ વગેરે તાપદ્વંદ્વોનો નાશ કરે છે, (કામ, ક્રોધ, મોહ, લોભ, મદ અને મત્સર નામના) ષડ્‌રિપુનો નાશ કરે છે, જીવ અને શિવના દ્વૈતભાવવાળા અજ્ઞાનનો જડમૂળથી નાશ કરે છે. જન્મ-મરણના ભયનો નાશ કરે છે, અને જીવની શિવમિલન યાત્રાના માર્ગના સર્વ વિઘ્નોનો નાશ કરે છે. આ પ્રમાણે શરણાગત જીવના સમગ્ર વિઘ્નો, દોષો અને કર્મોનો સંહારક શ્રીગુરુ સંહારક શિવસ્વરૂપ (મહેશ્વર) દર્શાવાયા છે.

### *ગુરુ જ સાક્ષાત્ પરબ્રહ્મ છેઃ*

આદિ-અનાદિ તત્ત્વરૂપ શ્રીગુરુ પોતે નિરંજન, નિરાકાર, નિત્ય (સદાકાળ સ્થિત), શુધ્ધ અને નિરાભાસસ્વરૂપે અનુભૂતિનો આનંદ આપનાર; કેવળજ્ઞાનરૂપ, (રજસ્, સત્ત્વ અને તમસ્ એ) ત્રણ ગુણોથી પર, કલ્યાણકારી, સચ્ચિદાનંદમૂર્તિસ્વરૂપ, સંસારરૂપી પ્રપંચ (માયા) રહિત, અખંડમંડલવાળા ચર અને અચર જગતમાં વ્યાપ્ત, ચૈતન્યસ્વરૂપ, શાશ્વત સ્વરૂપ, શાન્તસ્વરૂપ, નિત્યબોધ(જ્ઞાન)સ્વરૂપ, આકાશથી પણ વિશાળ, જાગ્રત; સ્વપ્ન; અને સુષુપ્તિવાળી ત્રણ અવસ્થાએ ચિત્તને ચેતનમય બનાવનાર, અદ્વૈતભાવવાળા, સર્વ વિદ્યાના ઉદ્‌ભવકર્તા, ઉર્ધ્વગતિના પાલનહાર, અજ્ઞાનનાશક તેમ જ જન્મ-મરણના બંધન ટાળનાર છે. શિષ્યનો દ્વૈતભાવ મિટાવી અદ્વૈતભાવે સ્થિત કરનાર **શ્રીગુરુ આ પ્રમાણે શિષ્યમાં જ્ઞાનની ઉત્પત્તિ અને જ્ઞાનની સ્થિતિના કારક તેમ જ અજ્ઞાનના નિવારક સ્વરૂપે વિસ્તરાયેલ હોઈ સ્વયં સાક્ષાત્ પરબ્રહ્મ જ છે.** પરબ્રહ્મ નિરાકાર સ્વરૂપે છે, જ્યારે પરબ્રહ્મનું આ શ્રીગુરુસ્વરૂપ સાક્ષાતરૂપે પ્રગટ છે.

તેવા (પરબ્રહ્મના સાક્ષાતરૂપ) શ્રીગુરુને નમસ્કાર (કરું છું)

(નોંધઃ ઉપરોક્ત શ્લોકનો અર્થ દત્તસંપ્રદાયે દીક્ષિત એક સાધક દ્વારા સાંપડેલ છે.)

---

૨ *મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।*
*યત્કૃપા ત્વમહં વંદે પરમાનંદં માધવમ્ ॥*

**સામાન્ય અર્થઃ** જેની કૃપા મૂંગાને બોલતો કરે છે, લંગડાને પર્વત ઓળંગાવે છે તેવા પરમાનંદ આપનાર (પરમાનંદ સ્વરૂપ) માધવને (લક્ષ્મીપતિ વિષ્ણુને) હું વંદન કરું છું.

**ગૂઢાર્થઃ** જેની કૃપા થકી મૂંગો અનાહતનાદ બોલતો થાય છે, એક નાસિકાથી ચાલતો લંગડો સાધક બન્ને નાસિકાથી ચાલી દેહરૂપી પર્વતના મસ્તકરૂપી શિખરને ઓળંગે છે, તેવા પરમ આનંદ આપનાર (પરમાનંદસ્વરૂપ) (મા એટલે કુંડલિની શક્તિ અને ધવ એટલે સ્વામી) કુંડલિની શક્તિના સ્વામિ માધવ જે પરબ્રહ્મસ્વરૂપ ગુરુ જ છે. તમને હું વંદન કરું છું.

શ્રીગુરુ શું મૂંગા હોય તેને જ બોલતો કરે? અને લંગડા હોય તેને જ પર્વત ઓળંગાવે? અને શું એવા જ ભક્તોને પરમાનંદ આપે?

મૂળમાં પરમાત્માની ઉપાસનાના આરંભ પહેલાં દરેક ભક્ત મૂંગો છે અને દરેક ભક્ત લંગડો છે તે કેવી રીતે તે જોઇએ.

## *મૂંગાને બોલતો કરેઃ*

આપણા દેહમાં પરમાત્મસ્વરૂપઆત્મા ચૈતન્યરૂપે પ્રગટ છે. આ આત્માની વિચાર-લહેરીઓ થકી અનાહતનાદ સતત ઉઠતો જ રહે છે. કેવળ યોગમાર્ગપ્રવૃત્ત યોગી જ તેને યોગપ્રક્રિયા થકી સાંભળી શકે છે. શ્રીગુરુકૃપા થકી દેહમાં સતત જપાતા સોહમ્ મંત્રની ઉપાસના થકી મંત્રસિદ્ધિ પ્રાપ્ત થઈ શિષ્યના ઉર્ધ્વ પ્રયાણ થાય છે. આ સિધ્ધિના પરિણામ સ્વરૂપ છ ચક્રોનું પ્રાણની ઉર્ધ્વગતિ થકી ભેદન થાય છે. મૂલાધાર સ્થિત બ્રહ્મગ્રંથી, છાતીની વચ્ચે હૃદયસ્થિત અનાહતચક્રે આવેલ વિષ્ણુગ્રંથી અને બે ભ્રમર વચ્ચે આવેલ આજ્ઞાચક્રે સ્થિત રુદ્રગ્રંથીનું પણ શ્રીગુરુકૃપાથી ભેદન થાય છે. આ ત્રણ ગ્રંથીના ભેદન પછી જે અત્યાર સુધી દેહમાં મૂંગો બની પડ્યો રહ્યો હતો તે ઇન્દ્રિયોથી અગોચર અનાહત નાદ છતો થાય છે એટલે કે બોલતો થાય છે. શ્રીગુરુની કૃપા થકી આ મૂંગો અનાહત નાદ બોલતો થાય છે એવો ગૂઢાર્થ આમાં છે.

## *લંગડાને પર્વત ઓળંગાવે છેઃ*

આપણા દેહમાં મુખ્ય ત્રણ નાડીઓ છે : ડાબી નાસિકા સ્થિત નાડીને ઈડા, ગંગા અથવા ચંદ્રનાડી કહે છે. જમણી નાસિકા સ્થિત નાડીને પિંગળા, જમના અથવા સૂર્યનાડી કહે છે તે બેની વચ્ચે સુષુમ્ણા અથવા સરસ્વતી નાડી છે.

સામાન્ય રીતે આપણે એક જ નાસિકાથી શ્વાસોશ્વાસ કરીએ છીએ, પરંતુ જ્યારે બન્ને નાસિકાથી શ્વાસોશ્વાસ ચાલે ત્યારે તેને સુષુમ્ણા નાડી ચાલે છે તેમ અથવા સુષુમ્ણા જાગ્રત છે તેમ કહેવાય છે. આ સુષુમ્ણા નાડીને જાગ્રત કરવાનું કામ ગુરુમાર્ગદર્શન થકી થાય છે.



ધ્યાનની એકાગ્રતાનો સઘળો આધાર આ સુષુમ્ણાનાડીની જાગ્રત અવસ્થા પર નિર્ભર છે.

ગુરુકૃપાપ્રસાદે જાગ્રતસુષુમ્ણા થકી શિષ્ય યોગમાર્ગના ઉર્ધ્વપ્રયાણ કરે છે. સતત ધ્યાનાભ્યાસ બાદ કુંડલિનીશક્તિ જાગ્રત થતાં પ્રાણનો તેમાં પ્રવેશ થાય છે. આ પ્રાણ છ ચક્રોને ભેદીને શરીરરૂપી પર્વતના શિખરે એટલે મસ્તક સુધી પહોંચે છે. મસ્તકમાં સહસ્રારચક્રે, બ્રહ્મરન્ધ્રસ્થાને પરબ્રહ્મશિવ સદાકાળ બિરાજમાન છે. આ પરબ્રહ્મશિવ સાથે પ્રાણ-શક્તિનું મિલન થતાં જીવનું રૂપ બદલાઈ જઈ તે સ્વયં શિવસ્વરૂપ થઈ જાય છે. જીવની યોગયાત્રા અહીં ગુરુકૃપા થકી પૂર્ણ થાય છે. આ જીવની શિવ થવાની દશા સાધક કે યોગીની પરમદશા કે પરમસિધ્ધિ છે.

ઉપરોક્ત દર્શાવેલ જીવની શિવ સુધીની યાત્રા જે સુંદર રૂપક રૂપે આ પદમાં ગૂંથી છે તે નીચે પ્રમાણે છે.

યોગસાધનાનું સાધન એ સાધક કે યોગીનો દેહ છે. આ દેહને ઈડા નામનો ડાબો અને પિંગળા નામનો જમણો પગ છે. યોગસાધન કરતાં પહેલાનો સાધક સામાન્ય રીતે એક જ નાસિકા દ્વારા શ્વાસોશ્વાસ કરતો હોઈ એક જ પગલે ચાલતો એટલે કે લંગડો (પંગુ) છે. તે સાધક ગુરુકૃપાદર્શિત સાધન દ્વારા યોગ સાધનાએ આરૂઢ થાય એટલે સુષુમ્ણાનાડી જાગ્રત થાય છે અને બંને નાસિકા દ્વારા શ્વાસોશ્વાસ યોજી બંને પગે ચાલતો થાય છે. આ સુષુમ્ણારૂપી બંને પગેથી ચાલી સાધક મૂળાધારના દ્વારથી પ્રાણપ્રવેશ પામી ધીમે ધીમે સ્વાધિષ્ઠાને, મણિપુરચક્રે, અનાહતચક્રે, વિશુદ્ધચક્રે અને આજ્ઞાચક્રે થઈ દેહરૂપી પર્વતના બ્રહ્મરન્ધ્રરૂપી શિખરને સર કરી (ઓળંગી) જીવભાવમાંથી શિવભાવમાં સ્થિત થાય છે. મતલબ કે ગુરુકૃપા થકી એક નાસિકારૂપી પગે ચાલતો લંગડો શિષ્ય સુષુમ્ણારૂપી બંને પગે ચાલતો થઈ દેહરૂપી પર્વતના બ્રહ્મરન્ધ્રરૂપી શિખરને ઓળંગી ત્યાં સદાકાળ બિરાજમાન શિવમાં ભળી જઈ એકરૂપ થઈ જાય છે અને પરમાનંદ માધવસ્વરૂપ થઈ જાય છે. (માધવ સ્વયં પરમાનંદસ્વરૂપ જ છે.)

(નોંધઃ ઉપરોક્ત શ્લોકનો ગૂઢાર્થ ગિરનારી નાથસંપ્રદાયના યોગી નાગાબાવાએ ઉપદેશેલ તે, તેમના દીક્ષિતભક્ત દ્વારા સાંપડેલ છે.)

Himansu Traders Ph. 079-25453904 Mo. : 9825926662